નિયામક સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટના નિયંત્રણ હેઠળના વર્ગ-૩ના કર્મચારીઓને નામ. હાઈકોર્ટના ચુકાદા મુજબ નિયમિત પગાર ધોરણ આપવા બાબત.

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક:-મસક/૧૦૨૦૧૭/૧૭૪/ફ

સચિવાલય, ગાંધીનગર

તા.૧૯/૦૮/૨૦૧૭

વંચાણે લીધા:-

(૧) SCA-19517/2005 તથા SCA-19518/2005 અન્વયેના નામ. હાઈકોર્ટના તા.૨૮/૦૨/૨૦૧૭ નું કોમન ઓરલ જજમેન્ટ.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૮/૨૦૧૪ ના પરિપત્ર ક્રમાંક:-એસએનઆર/૧૦૨૦૦૪/યુઓ/૨૦૧૪/ગ.૨

પ્રસ્તાવના:-

નિયામક સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટના નિયંત્રણ હેઠળ (૧) શ્રી આર.આર.રાઠોડ, વેલફેર ઓર્ગેનાઇઝર (૨) શ્રી એમ.સી.ગોસ્વામી, વેલફેર ઓર્ગેનાઇઝર તથા (૩) શ્રી નરસિંહભાઇ સંગ્રામભાઇ ડામોર, હોસ્ટેલ સુપ્રિટેન્ડન્ટ (વર્ગ-૩)ને વર્ષ ૨૦૦૩માં નિયમિત પગાર ધોરણ રૂ.૪૦૦૦-૧૦૦-૬૦૦૦ માં નિમણૂક આપવામાં આવેલ હતી. ત્યારબાદ તેઓને નિયમિત પગાર ધોરણને બદલે રૂ.૪૦૦૦/- ના ફિક્સ પગારમાં નિમણૂક આપવામાં આવતા સરકારના નિર્ણયથી નારાજ થઈ ઉક્ત ત્રણેય કર્મચારીઓ દ્વારા નામ. હાઇકોર્ટ સમક્ષ અનુક્રમે SCA-18161/2005, SCA-19517/2005 તથા SCA-19518/2005 પીટિશનો દાખલ કરી નામ. હાઈકોર્ટ સમક્ષ દાદ માંગેલ હતી.

ઉક્ત પીટિશનો પૈકી SCA-18161/2005 નો ચુકાદો તા.૨૭/૦૩/૨૦૦૬ ના રોજ અરજદારની તરફેણમાં આવેલ હતો, જે મુજબ નાણા વિભાગની અનુમતિ મેળવી નામ. હાઈકોર્ટના ચુકાદા મુજબ તા.૨૪/૦૫/૨૦૦૬ ના ઠરાવથી શ્રી આર.આર.રાઠોડ, વેલફેર ઓર્ગેનાઇઝર (વર્ગ-૩)ને તેઓની મુળ નિમણૂકની તારીખથી રૂ.૪૦૦૦-૧૦૦-૬૦૦૦ માં નિમણૂક આપવામાં આવેલ હતી.

શ્રી રાઠોડના કેસ સાથે સામ્યતા ધરાવતા શ્રી એમ.સી.ગોસ્વામી, વેલફેર ઓર્ગેનાઇઝર તથા શ્રી નરસિંહભાઇ સંગ્રામભાઇ ડામોર, હોસ્ટેલ સુપ્રિટેન્ડન્ટ (વર્ગ-૩) દ્વારા દાખલ થયેલ પીટિશનોનો ચુકાદો તા.૨૮/૦૨/૨૦૧૭ના રોજ આવેલ છે. જેમાં નામ. હાઈકોર્ટે શ્રી આર.આર.રાઠોડ, વેલફેર ઓર્ગેનાઇઝરના ધોરણે શ્રી એમ.સી.ગોસ્વામી, વેલફેર ઓર્ગેનાઇઝર તથા શ્રી નરસિંહભાઇ સંગ્રામભાઇ ડામોર, હોસ્ટેલ સુપ્રિટેન્ડન્ટ (વર્ગ-૩)ને તેઓની નિમણૂકની તારીખથી નિયમિત પગાર ધોરણ રૂ.૪૦૦૦-૧૦૦-૬૦૦૦ આપવા તથા આનુસંગિક લાભો ચુકવવા હુકમ કરેલ છે. જે સંદર્ભે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૮/૨૦૧૪ ના પરિપત્ર



Scanned by CamScanner

મુજબ સમાન પ્રકારના કેસોમાં નામ. અદાલતો દ્વારા આપવામાં આવેલ ચુકાદાનો અમલ કરવાની સુચના ધ્યાને લેતા નામ. હાઇકોર્ટના ઉક્ત બંને કર્મચારીઓના કેસમાં આપેલ ચુકાદા સંદર્ભે લાભો આપવા અંગેની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

SCA-19517/2005 તથા SCA-19518/2005 માંના નામ. હાઈકોર્ટના તા.૨૮/૦૨/૨૦૧૭ ના કોમન ઓરલ જજમેન્ટ તથા સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૮/૨૦૧૪ના ઉક્ત ક્રમાંક (૨) મુજબના પરિપત્રની સૂચનાઓ ધ્યાને લઈ શ્રી એમ.સી.ગોસ્વામી, વેલફેર ઓર્ગેનાઇઝર તથા શ્રી નરસિંહભાઇ સંગ્રામભાઇ ડામોર, હોસ્ટેલ સુપ્રિટેન્ડન્ટ (વર્ગ-૩)ને તેઓની નિમણૂકની તારીખથી રૂ.૪૦૦૦-૧૦૦-૬૦૦૦માં નિયમિત પગાર ધોરણ તથા તેને આનુસંગિક લાભો આપવાનું આથી નીચેની શરતોને આધીન ઠરાવવામાં આવે છે.

(૧) શ્રી એમ.સી.ગોસ્વામી, વેલફેર ઓર્ગેનાઇઝર તથા શ્રી નરસિંહભાઇ સંગ્રામભાઇ ડામોર, હોસ્ટેલ સુપ્રિટેન્ડન્ટ (વર્ગ-૩)ને તેઓની મુળ નિમણૂકની તારીખ અનુક્રમે તા.૦૧/૦૭/૨૦૦૩ તથા તા.૨૪/૦૬/૨૦૦૩ થી નિયમિત પગાર ધોરણમાં નિમણૂક આપતા તેઓને મળનાર લાભોમાંથી ખરેખર ચૂકવણી કરતા તેઓને ચુકવવામાં આવેલ ફિક્સ પગારની રકમ મજરે લેવાની રહેશે.

(૨) ગૃહ વિભાગના તા.૨૨/૦૩/૨૦૦૪ ના પત્ર ક્રમાંક:-મસક/૧૦૨૦૦૨/૩૪૪૭/ફ ની સુચનાઓમાંથી ફિક્સ પગારની બાબત રદ કરવામાં આવે છે.

(૩) નાણા વિભાગની વખતોવખતની સુચનાઓ ધ્યાને લઈ શ્રી એમ.સી.ગોસ્વામી, વેલફેર ઓર્ગેનાઇઝર તથા શ્રી નરસિંહભાઇ સંગ્રામભાઇ ડામોર, હોસ્ટેલ સુપ્રિટેન્ડન્ટ (વર્ગ-૩)નો પગાર નિયમોનુસાર વિનિયમિત કરવાનો રહેશે.

(૪) આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની નાણા વિભાગની તા.૦૮/૦૮/૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ઉમેશ શર્મા)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

પ્રતિ

- નિયામકશ્રી સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રી, વડોદરા/રાજકોટ
- શ્રી એમ.સી.ગોસ્વામી, કલ્યાણ વ્યવસ્થાપક, જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, રાજકોટ
- શ્રી એન.એસ.ડામોર, હોસ્ટેલ સુપ્રિટેન્ડન્ટ, , જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી,વડોદરા
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, વડોદરા/રાજકોટ
- સિલેક્ટ ફાઈલ.



Scanned by CamScanner